| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૨૨/૦૧/૨૦૧૯ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૨/૦૧/૨૦૧૯ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૧/૦૬/ ૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૪– ૦૪– ૦૯ |

**જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશનરશ્રી સમક્ષ,જામનગર.**

**વ.કો.(નોન ફેટલ) કેસ નં.૦૩/૨૦૧૯**

**આંક : ૨૯**

અરજદાર : આમદભાળ નુરમામદભાઈ ખીરા

રે. ગામ કોટા, તા.ખંભાળીયા, જી.દેવભૂમિ દવારકા.

**વિરુધ્ધ**

સામાવાળા : (૧) દીલીપભાઈ અરજણભાઈ ઓડેદરા

રે. ગામ ફટાણા, તા.બગવદર, જી.પોરબંદર.

(૨) રામજીભાઈ ભીખુભાઈ ઓડેદરા

રે. ગામ શીશલી, તા.બગવદર, જી.પોરબંદર.

(૩) શ્રી રામ ઈન્સ્યુરન્સ કાું.

ઠે. ઈ/૮, ઈપીઆઈપી, રીકો ઈન્ડસ્ટ્રીઝ એરીયા,

સીતાપુર, જયપુર, રાજસ્થાન.

**વિષય: કામદાર વળતર ધારા અન્વયે અકસ્માત વળતરની રકમ રૂપિયા ૬,૪૫,૫૯૮/- તથા વ્યાજ- પેનલ્ટી ખર્ચ વિ. મળવા અંગે**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.વકીલ શ્રી એલ.આર.મોવાણીયા |
| સામાવાળા નં.૧ તર્ફે | : | કોઈ નહી. |
| સામાવાળા નં.૨ તર્ફે | : | વિ.વ.શ્રી ડી.એમ.કવૈયા. |
| સામાવાળા નં.૩ તર્ફે | : | વિ.વ.શ્રી એમ.જે.પારેખ. |

**-:: હુ ક મ ::-**

(૧) આ કામે અરજદારે વર્કમેન કોમ્પેનસેશન એકટ અન્વયે આંક-૧ ની અરજીના પેરા ૧૧ મુજબ સામાવાળા તેઓને ચાલુ કામે થયેલ અકસ્માતનું વળતર રૂા.૬,૪૫,૫૯૮/- તથા ૫૦% પેનલ્ટી તેમજ વ્યાજ તથા ખર્ચના રૂા.૫,૦૦૦/- અપાવવા અરજ કરેલ છે. આ કામમાં આંક-૫ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે બજીને આવતા સામાવાળા નંબર ૨ તર્ફે વકીલશ્રીએ હાજર થઈ આંક ૧૬ થી જવાબ રજુ કરેલ. જયારે સામાવાળા નંબર ૩ તર્ફે વકીલશ્રી એ હાજર થઈ આંક ૧૪ થી જવાબ રજુ કરેલ. જયારે તા.૧૦.૧૨.૨૦૧૯ ના રોજ કોર્ટે હુકમ કરી સામાવાળા નંબર ૧ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરેલ. ત્યારબાદ મારા પુરોગામીશ્રી ધ્વારા આંક-૧૯ થી તા.૩૦.૦૧.૨૦૨૧ ના રોજ ઈસ્યુ ફ્રેમ કરેલ છે અને હાલનું કામ અરજદાર પક્ષના પુરાવા ઉપર આવેલ છે. ત્યારબાદ અરજદારે લાંબા સમય સુધી દસ્તાવેજી પુરાવા રજુ ના કરતાં આ કોર્ટ દવારા અરજદારને નોટીશ કાઢવામાં આવેલ. જેમાં પણ અરજદાર કે તેના વકીલશ્રી હાજર રહેલ ના હોય, સામાવાળા નંબર ૨ તરફે અરજદારનો પુરાવાનો હકક બંધ કરવા અરજી આપેલ જેના પર તા. ૧૬.૦૩.૨૦૨૩ ના રોજ હુકમ કરી અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અન્ય પક્ષકારોએ પોતાનો પુરાવો બંધ કરવા પુરશીસ આપેલ અને અરજદાર તથા સામાવાળા નંબર ૧ દલીલો માટે હાજર ન હોઈ તા.૮.૫.૨૦૨૩ ના રોજ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ હાલના કેસમાં અરજદાર ઈસ્યુ ફ્રેમ થયા બાદ સતત ગેરહાજર રહેલ છે અને તેમણે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં અરજદાર

આંક–૧૯ થી જે મુદ્દા ફ્રેમ થયેલ છે અને તેમાં જે હકીકતો પુરવાર કરવાની જવાબદારી અરજદાર ઉપર હતી, તે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી અરજદારની સતત ગેરહાજરી અને પુરાવાના અભાવના કારણે હાલનો કેસ રદ યાને નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧ લી, જુન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૩.
જામનગર.

**(ડી.વી.સાવલીયા)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
જીજે–૦૧૨૯૮